# સુરત મહાનગરપાલિકા

## પ્રેસનોટ (COVID-19)

હાલમાં સુરત શહેરમાં કોરોના વાયરસનાં નવા સ્ટ્રેઈનના પગપસેરાને કારણે શહેરમાં કોરોના વાયરસનું સંક્રમણ તેજગતિએ વધી રહયું છે. જે ચિંતાજનક બાબત છે. કોરોનાના વધતા સંક્રમણને નિયંત્રિત કરવા માટે સુરત મહાનગરપાલિકાનું સમગ્ર તંત્ર યુધ્ધના ધોરણે કોવિડ–૧૯ની કામગીરી કરી રહયું છે. અત્યારે જે પ્રમાણે સંક્રમણ વધી રહયુ છે તે જોતા આપણી સામેના વ્યકિત પણ પોઝિટિવ હોઈ શકે છે જે આપણને માલુમ પડતુ નથી જેથી માસ્ક પહેરવું ખૂબ જ જરૂરી છે. માસ્ક ત્રિપલ લેયર હોવું જોઈએ અને માસ્ક નાકના ઉપર વ્યવસ્થિત પહેરવામાં આવે તો સંક્રમણથી બચી શકાય છે. હાલના સંજોગોમાં અઠવાડિયામાં બે–ત્રણ વખત જરૂરી ચીજવસ્તુઓની ખરીદી માટે જતા હોય તો એક જ વખતમાં તમામ પ્રકારના કામ કરવા વિનંતી છે. ભીડ ભાડવાળી જગ્યાએ જવાનું ટાળવુ હિતાવહ છે. જો કોઈપણ સંજોગોમાં બહાર જવાનું હોય તો ઓછામાં ઓછો સમયમાં કામ થાય એ પ્રકારે આયોજન કરવું. વધારેમાં વધારે ભીડવાળી જગ્યા પર જતા પહેલા આપણે સુનિશ્ચિત કરીએ કે જરૂરી ચીજવસ્તુની ઘરે જ ડીલીવરી મંગાવી લઈએ. રોજીંદા કામમાં ઓછામાં ઓછા લોકોનાં સંપર્કમાં રહીયે તે રીતે વર્તીએ તો સંક્રમણ ઓછું થાય. કોઈપણ વ્યકિત જો માસ્ક વગર હોય તો તેને માસ્ક ડોનેટ કરવા વિનંતી છે. આપના ઘરે, ધંધા ઉપર કામ કરતા તમામ લોકોને માસ્ક આપવા વિનંતી છે. દરેક યંગસ્ટર્સને વિનંતી છે કે કોઈપણ પ્રોગામ બહાર ન કરે જેથી સંક્રમણ થતુ અટકાવી શકાય. અત્યારે જે સંક્રમણ છે તેમા વડીલોની ખૂબ કાળજી રાખવી જોઈએ જયાં સુધી તમામ લોકોનું વેકસીનેશન ન થાય ત્યાં સુધી આપણે જેટલું પણ સંક્રમણ ઓછું કરી શકીએ એ માટે સહીયારો પ્રયત્ન કરીએ. હાલમાં તબકકાવાઈઝ ૪૫ વર્ષની ઉપરના તમામ લોકોએ વેકસીનેશન કરાવી લેવું. ટ્રાવેલીંગમાં સૌથી વધારે કેસો જોવા મળે છે જેથી જરૂરિયાત ન હોય તો ટ્રાવેલ કરવાનું ટાળવું જોઈએ.

હાલમાં કોરોના વાયરસના પોઝિટિવ કેસોની સંખ્યા શહેરમાં મોટા પ્રમાણ હોય જેથી આ સંક્રમણની સાંકળને તોડવા તમામ શહેરીજનોએ કોરોના વાયરસના કોઈપણ શંકાસ્પદ લક્ષણો જણાય તો તાકીદે નજીકના આરોગ્ય કેન્દ્ર પર અથવા ધન્વંતરી આરોગ્ય રથ મારફત કોવિડ ટેસ્ટ કરાવવું ખૂબજ આવશ્યક છે તથા ઝડપથી એલેજીબલ વ્યકિતઓએ વેકસીન મેળવી લેવી ખૂબજ હિતાવહ છે. સુરત મહાનગરપાલિકા તરફથી વિનામૂલ્યે કોરોના ટેસ્ટીંગ સેન્ટરની માહિતી https://tinyurl.com/AntigenTestingCentres/ તથા ધન્વંતરી રથના રોજબરોજના રૂટની માહિતી સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ https://tinyurl.com/dhanvantarirathplan/ ઉપરથી મળી શકશે. વેકિસનેશન સેન્ટરની માહિતી https://tinyurl.com/Covid19VaccinationRegistration/ લીંક પરથી મેળવી શકાશે. તમામ લોકોએ સંક્રમણના ઉપાયરૂપે કોવિડ–૧૯ની માર્ગદર્શિકાનું પાલન કરે ,સુરક્ષિત રહે તેવો અનુરોધ માન. મ્યુ. કમિશનર શ્રી બંછાનિધિ પાની, આઈ. એ. એસ એ કર્યો હતો.

**જનસંપર્ક વિભાગ,સુરત મહાનગરપાલિકા તરફથી સાદર,સમાચાર યાદી નં.૨૧, તા.૦૩/૦૪/૨૦૨૧**